**પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર**
**પરિપત્ર-2021**

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 1362
શાખાનું નામ: પરીક્ષા
તારીખ: 2/7/21
સહી:

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/3425-66
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.**01/07/2021**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

વિષય :- ધો-11 માં પ્રવેશં સંદર્ભે ભારતનાં અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા બાબત.

સંદર્ભ :-(1) બોર્ડના પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/1445-85, તા.01/06/2020.
(2) COBSEનો તા.11/05/2021નો ઈ-મેઈલ.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારતના અન્ય રાજય કે અન્ય બોર્ડમાંથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રજીસ્ટર થયેલ શાળામાં ધો- 11 માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને સંદર્ભ-(1) દર્શિત પરિપત્ર મુજબ પ્રવેશ આપવામાં આવતો હતો. જે પરિપત્ર સાથે બિડાણમાં સમકક્ષતા ધરાવતા કુલ-62 બોર્ડની યાદી સામેલ રાખવામાં આવેલ હતી. સંદર્ભ-(2) દર્શિત COBSEના ઈ-મેઈલથી 65 બોર્ડની યાદી મળેલ છે. જે અન્વયે સમકક્ષતા ધરાવતા બોર્ડની યાદીને અદ્યતન બનાવી કુલ- 65 બોર્ડની યાદી આ સાથે સામેલ છે.

ગુજંરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડએ પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ 65 બોર્ડની યાદી પૈકીના કોઈ બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં નોંધાયેલ શાળામાં શાળાકીય અભ્યાસ માટે ધો- 11 માં પ્રવેશ મેળવવા માટે બોર્ડની કચેરીએથી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવાની દરખાસ્ત કરવાની જરૂર નથી.

ધોરણ-11માં પ્રવેશ મેળવવા ઇચ્છતા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષય માળખા મુજબ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ અંગ્રેજી વિષય સાથે ધોરણ-10 પાસ કરેલ હોય તો જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-11માં પ્રવેશ આપવાનુ બોર્ડની શૈક્ષણિક અને કારોબારી સમિતિ દ્વારા ઠરાવવામાં આવેલ છે. જે બાબત અન્ય બોર્ડના વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે શાળાએ ધ્યાને રાખવાની રહેશે.

આ સાથે સામેલ પ્રવેશ યોગ્યતા માટે માન્ય યાદી મુજબના અન્ય બોર્ડમાંથી પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને શાળાએ કામચલાઉ પ્રવેશ આપ્યા બાદ તેના પ્રમાણપત્રોની

D:\TEJAS\J.M.V\COBSE+Samkaxta\સમકક્ષતા પ્રમાણપત્ર 2021\સમકક્ષતા પ્રમાણપત્ર લેટર2021.docx

ખરાઈ કરાવીને ઉક્ત વિગતો જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને રજૂ કરીને તેઓ પાસેથી "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવ્યા બાદ વિદ્યાર્થીને કાયમી પ્રવેશ આપવાનો રહેશે.

જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા મેળવેલ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" શાળાના આચાર્યશ્રીએ બોર્ડની પરીક્ષાના ઓનલાઈન આવેદનપત્ર ભરતી વખતે સ્કેન કરવાનું રહેશે. તે જ પ્રમાણે ખાનગી ઉમેદવાર તરીકે બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માગતા વિદ્યાર્થીઓએ પણ સમકક્ષ યાદીમાં સમાવિષ્ટ બોર્ડમાંથી ધો-10 કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ પણ અલાયદુ "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" બોર્ડની કચેરીએથી મેળવવાની જરૂર રહેતી નથી, પરંતુ નિયમિત પરીક્ષાર્થી માટે કરેલ પ્રવિધિ કરવાની રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રવેશ યોગ્યતા માટે માન્ય કરેલ ઉક્ત 65 બોર્ડની યાદી સિવાયના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને શાળા સીધે સીધો પ્રવેશ આપશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે જેની નોંધ લેવી.

**વિદેશમાં અભ્યાસ કરીને આવતા વિદ્યાર્થીઓ ગુજરાત બોર્ડ સંલગ્ન શાળામાં અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માંગતા હોય તેમના માટે બોર્ડના તા.24/04/2017 ના "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર" અને વિનિયમોની જોગવાઈ મુજબ પ્રવેશ ની કાર્યવાહી કરવાની રહેશે. વિદેશમાં અભ્યાસ કરી ધો-9 થી 12 માં પ્રવેશ મેળવવા બાબતે "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" બોર્ડ કચેરીના 'સ્ટુડન્ટ સર્વિસ સેન્ટર' પરથી મેળવવાનું રહેશે.**

ઉપરોકત વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપવા જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ માન. અધ્યક્ષશ્રીના આદેશ અન્વયે.

(બી.એન.રાજગોર)
નાયબ નિયામક

પરપત્ર.નં. 735

ક્રમાંક:પરીક્ષા/પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૧૭/૦૭/૨૦૨૧

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળા તમામ
જિ-અમરેલી

D:\TEJAS\J.M.V\CBSE+Samkaxta\સમકક્ષતા પ્રમાણપત્ર 2021\સમકક્ષતા પ્રમાણપત્ર લેટર2021.docx